**બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી પ્રક્રિયા-૨૦૧૬ અન્વયે નામ.હાઈકોર્ટમાં દાખલ થયેલ SCA NO.15339/2020 તથા અન્ય ગ્રુપ મેટરોના તા.૧૬/૦૧/૨૦૨૪ના ચુકાદાની અમલવારી સબબ ભરતી પ્રક્રિયા માટે ઉમેદવારો માટે શાળા ફાળવણી પત્ર ડાઉનલોડ કરવા અંગેની સુચનાઓ**

- બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી વર્ષ-૨૦૧૬ના નામ.હાઈકોર્ટમાં દાખલ થયેલ SCA NO.15339/2020 તથા અન્ય ગ્રુપ મેટરોના તા.૧૬/૦૧/૨૦૨૪ના ચુકાદાની અમલવારી સબબ ભરતી પ્રક્રિયા અન્વયે વિષયવાર, કેટેગરીવાર ઉપલબ્ધ ખાલી જગ્યાઓ સામે ઉમેદવારો દ્વારા અપાયેલ શાળા પસંદગી તથા મેરીટના આધારે ઉમેદવારોને શાળા ફળવાયેલ છે. ઉમેદવારે પોતાનો શાળા ફાળવણી પત્ર વેબસાઇટ https://www.gserc.in/ પરથી લોગ-ઇન કરી મેળવવાનો રહેશે. તેમજ સંબંધિત ઉમેદવારોને આ અંગેની E-Mail થી જાણ કરેલ છે.
- શાળા પસંદગી ન આપનાર અને મર્યાદિત શાળા પસંદગીના વિકલ્પ આપનાર ઉમેદવારોને મેરીટ ક્રમ પ્રેફરન્સના ધોરણે શાળા ફાળવણી કરતા તેમની પસંદગીની શાળા ઓછા મેરીટના કારણે ફળવાઇ નથી જેથી ભરતી પ્રક્રીયામાંથી બાકાત કરવામાં આવેલ છે જેની સંબંધિતોએ ખાસ નોંધ લેવી.
- શાળા ફાળવણી થયેલ ઉમેદવારોએ તા. ૧૬/૦૭/૨૦૨૪ ના રોજ ૧૮:૦૦ કલાકથી તા.૧૯/૦૭/૨૦૨૪ના રોજ ૨૩: ૫૯ કલાક દરમ્યાન વેબસાઈટ પરથી પોતાનો શાળા ફાળવણી પત્ર મેળવવાનો રહેશે.

- ઓનલાઈન શાળા ફાળવણી પત્ર ડાઉનલોડ કરવા માટેની જરૂરી સૂચનાઓ :
  - ઉમેદવારે https://www.gserc.in/ વેબસાઈટ પર જઈ home page પર Click Here For Loginની નીચે માધ્યમિક વિભાગ માટે Candidate login – SSC અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ માટે Candidate login – HSC પર ક્લિક કરવાનું રહેશે. ત્યારબાદ ઉમેદવારે પોતાનો ટાટ નંબર/રોલ નંબર, જન્મતારીખ, મોબાઇલ નંબર નાખી લોગઇન થવાનું રહેશે.
- શાળા ફાળવણી થયેલ ઉમેદવારોએ શાળા ફાળવણી પત્રમાં દર્શાવ્યા મુજબ તારીખ, સમયે અને સ્થળે પોતાનો ભલામણ પત્ર અને નિમણૂક હુકમ મેળવવા ફરજિયાત હાજર રહેવાનુ રહેશે.
- જિલ્લા કક્ષાએ સૂચવેલ સમયે અને તારીખે ગેરહાજર રહેનાર ઉમેદવાર નિમણુક માટે હક્દાર રહેશે નહીં અને આ અંગે ઉમેદવારની કોઇપણ લેખિત કે મૌખિક રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહીં.

- ઉમેદવારે જિલ્લા મથકે પોતાના શાળા ફાળવણી પત્રની નકલ, તમામ અસલ પ્રમાણપત્રો/ગુણ પત્રકો/ દસ્તાવેજો તથા તેની સ્વપ્રમાણિત નકલ સાથે ઉપસ્થિત રહેવાનુ રહેશે.
- શિ.વિ.ના તા.22/03/2017ના ઠરાવ ક્રમાંક પી.આ.ઇ./1/2017/સિંગલ ફાઇલ-6-ક ની જોગવાઇ અન્વયે જે ઉમેદવાર સરકારી અથવા ગ્રાન્ટ-ઇન-એઇડ માધ્યમિક શાળામાં સેવા બજાવતા હોય અને પોતાની  નિમણૂંકની તારીખથી ૦૩ વર્ષનો સમયગાળા પહેલા રાજીનામુ આપી સદર શાળા ફાળવણીથી નવી નિમણૂંકમાં જોડાવા ઇચ્છતા ઉમેદવારે રૂ. ૩,૦૦,૦૦૦/- (ત્રણ લાખ) રાજ્ય સરકારમાં જમા કરાવવાના રહેશે.
- શિ.વિ.ના તા.22/03/2017 ના ઠરાવ ક્રમાંક પી.આ.ઇ./1/2017/સિંગલ ફાઇલ-6-ક ની જોગવાઇ અન્વયે ઉમેદવારે ફરજિયાતપણે 300/- રૂ.ના સ્ટેમ્પ પેપર પર નિયત નમૂનામાં જામીનખત ભલામણ પત્ર મેળવતા સમયે રજૂ કરવાનો રહેશે.જે ઉમેદવારને બંધનકર્તા રહેશે.(જામીનખત નો નમૂનો વેબસાઇટ પર ઉપલબ્ધ છે)
- ભલામણ પત્ર અને નિમણૂંક હુકમની તમામ શરતો ઉમેદવારને બંધનકર્તા રહેશે.
- SCA NO.15339/2020 તથા અન્ય ગ્રુપ મેટરોના તા.૧૬/૦૧/૨૦૨૪ના ચુકાદા અન્વયે ઉમેદવારોએ નિમણૂક હુકમ મેળવતી વખતે પોતાના અસલ ગુણપત્રકો/પ્રમાણપત્રો ખરાઇ અર્થે ૬ મહિના માટે નિમણૂક સત્તામંડળને જમા કરાવવાના રહેશે.
- રાજ્ય બહારની યુનિવર્સીટીમાંથી લાયકાત મેળવેલ ઉમેદવારોના કિસ્સામાં જિલ્લા કચેરી દ્વારા જે તે યુનિવર્સીટીમાંથી ગુણપત્રકો/પ્રમાણપત્રો તેમજ અન્ય જરૂરી આધારોની ખરાઈ બાદ જ ઉમેદવાર નિમણૂંકને હક્કદાર બનશે.